# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ
### પ્રશ્નપત્ર - ૨

સમય : બપોરે ૨ થી ૫ | રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧ | કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)

નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

૧. **ગુરુ-શિષ્યનાં લક્ષણો (૮૩ થી ૮૭) (૧)** 'શ્રીહરિદિગ્વિજય' ગ્રંથમાં નિત્યાનંદ સ્વામી લખે છે : ''ગુરુનું અસાધારણ લક્ષણ બ્રહ્મનિષ્ઠા છે અને શિષ્યનું અસાધારણ લક્ષણ મુમુક્ષુતા છે.'' દૈવી સંપદાએ યુક્ત મુમુક્ષુજન જ ધાર્મિક આધ્યાત્મિક શિક્ષા-સિદ્ધિને પાત્ર છે, (શિક્ષા. ૨૧૦) કારણ કે ''જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને સાચા સંતનો સંગ મળે તો તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો, તેના હૃદયને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણો તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.'' (સા. ૧૮) તથા ''જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે, તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય, તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ (ભગવાનનો) નિશ્ચય થાય.'' (લો. ૧૨) **(૨)** સામે પક્ષે ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ 'શાબ્દે પરે ચ નિષ્ણાતઃ' અર્થાત્ શાસ્ત્રના સાચા અર્થના જાણકાર ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિવાળા ગુરુ થકી જ સાચું જ્ઞાન થાય છે, કારણ કે ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.'' (ગ.પ્ર. ૬૬) **(૩)** આવા ગુરુને ઓળખવા કેમ ? તે બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : ''ઇન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ, તેની ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને, ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા સંત (સદ્‌ગુરુ) તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે (મુમુક્ષુ) પુરુષ તેને એવા સંતની સેવા કરવી.'' (ગ.અં. ૨૬) **(૪)** એવા ''સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ તે જ આત્મદર્શનનું સાધન છે... અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'' (વર.૧૧) **(૫)** સર્વાવતારી પરબ્રહ્મ ભગવાન જ્યારે પૃથ્વી પર પધારે છે ત્યારે પોતાનું અક્ષરધામ (સાકાર-મૂર્તિમાન) ને સાથે જ લાવે છે. (ગ.પ્ર. ૭૧ પ્રમાણે) અને કૃપા કરીને એ અક્ષરને ઓળખાવે પણ છે. અને જેમ શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા, ત્યારે ''અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, હવે એ નાશ થઈ ગયા. અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.'' (પં. ૭) **(૬)** તે જ ન્યાયે પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન અક્ષરબ્રહ્મરૂપ માધ્યમ દ્વારા પ્રગટ છે. આ વાતની પુષ્ટિ વરતાલ-૧૦ માં પણ કરી છે : ''અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' અહીં 'મળેલા' અર્થાત્ ભગવાન જેમાં સમ્યક્ પ્રકારે અખંડ નિવાસ કરીને રહ્યા છે એવા ભગવાનના અખંડધારક, સર્વાધાર અક્ષરબ્રહ્મ સ્વરૂપ (ગ.પ્ર. ૨૭ પ્રમાણે) સંત બતાવ્યા છે. **(૭)** અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત (એકાંતિક) ધર્મનું પોષણ થાય છે ને વળી જીવને

મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. (ગ.પ્ર. ૫૪) **(૮)** માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) **(૯)** અને એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંગે જ મુમુક્ષુ જીવ ''નિરંતર મનન કરતો સતો (પ્રગટ) બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મના ગુણ જીવને વિષે આવે છે.'' (ગ.મ. ૩૧) **(૧૦)** અને એ જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાભક્તિનો અધિકારી બને છે તથા પરમપદ જે મોક્ષ તેને પામે છે. અને એવા સંતને ભગવાનના નિશ્ચયરૂપ તદાત્મકપણાવાળા, નિર્વિકલ્પ સમાધિવાળા, નિર્ગુણબ્રહ્મસ્વરૂપ (ગ.મ. ૧૪માં) કહ્યા છે. ને એ સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે. માટે એ સંત તો બ્રહ્માંડના સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવા સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ સર્વાધાર અક્ષરબ્રહ્મ છે. (ગ.પ્ર. ૨૭) **(૧૧)** તથા જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભગુણ તેણે યુક્ત જે ભક્ત (સંત) તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. (ગ.પ્ર. ૨૭) **(૧૨)** જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક પરોક્ષ સંતનું જે માહાત્મ્ય છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન અને તે ભગવાનના પ્રત્યક્ષ (પરમએકાંતિક બ્રહ્મસ્વરૂપ) ભક્ત સાધુ તેનું માહાત્મ્ય છે. (ગ.મ. ૨૧) **(૧૩)** એવા પરમ એકાંતિક સંત તે તો ગુણાતીત છે. (વ. ૧) **(૧૪)** તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શન કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે, એવા મોટા છે. (ગ.પ્ર. ૩૭) **(૧૫)** અને જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે, તેમ તે (સંત) પણ સ્વતંત્ર થકા દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકા દેહને નથી ધરતા. (અમ. ૨) **(૧૬)** એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા. ૧૦) માટે જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) **(૧૭)** એવા ભક્ત (સંત) જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે. (કા. ૧૧) **(૧૮)** તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયાએ કરીને છે. (ગ.અં. ૧૪) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) **(૧૯)** અને એ તો વડવાનળ અગ્નિ જેવા સિદ્ધદશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે. (વર. ૩) **(૨૦)** એવા (બ્રહ્મસ્વરૂપ) ઉત્તમભક્તની (સંતની) અતિપ્રેમે (ભગવાનના) સરખી સેવા કરનાર આને આ જન્મે ઉત્તમભક્ત જેવો (બ્રહ્મરૂપ) થઈ જાય છે. (વ. ૫)

૨. **અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપો (૩૯ થી ૪૪) (અ) સદા સાકાર મૂર્તિમાન અક્ષરબ્રહ્મ : (૧)** મૂર્તરૂપે અક્ષરબ્રહ્મ પરમાત્મા સમાકાર છે. દ્વિભુજ અને દિવ્યતનુ છે. સત્-ચિદ્-આનંદ લક્ષણોવાળું છે. સદા સાકાર છે. અમાયિક છે, ત્રિગુણાતીત છે, નિર્ગુણ છે, પ્રાકૃત દોષે રહિત છે અને કલ્યાણકારી ગુણ ઐશ્વર્યએ યુક્ત છે. મૂર્તિમાનરૂપે પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની નિત્યસેવામાં અતિશય-નિકટતમ, ઉત્તમ સેવક-ભક્ત તરીકે સમીપે રહે છે. મોક્ષમાર્ગે ચાલવાવાળા મુમુક્ષુઓ માટે ઉત્તમભક્ત અને દાસત્વભક્તિનો પરમ આદર્શ અક્ષરબ્રહ્મ છે. (ગ.પ્ર. ૨૧) **(૨)** આમ, અક્ષર મૂર્તિમાન છે. છતાં અતિ મોટા હોવાને લીધે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી, જેમ વિરાટનું રૂપ નજરે આવતું નથી, તેમ અક્ષર પણ મૂર્તિમાન છે, પણ કોઈની નજરે આવે નહિ. (ગ.પ્ર. ૬૩) **(૩)** કારણ કે અક્ષરના એક એક રોમને વિષે અણુની પેઠે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે. તે કાંઈ બ્રહ્માંડો અક્ષરને વિષે નાનાં થઈ જતાં નથી, એ તો અષ્ટ આવરણ સહવર્તમાન હોય, પણ અક્ષરની અતિશય મોટપ છે, તે આગળ બ્રહ્માંડ અતિશય નાનાં દેખાય છે. (ગ.મ. ૪૨) **(૪)** જગતની ઉત્પત્તિરૂપ ગણાતી માયાના આધાર પણ અક્ષરબ્રહ્મ છે જ્યારે પરબ્રહ્મ તો સર્વ કારણના કારણ સર્વોપરિ પરમાત્મા છે અને અક્ષરના પણ આધાર છે. અક્ષરબ્રહ્મ માયા અને માયાના કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડ તેમાં વ્યાપીને રહેલ છે, છતાં તે માયાથી લોપાતા નથી. (ગ.મ. ૩૧) **(૫)** અક્ષર કૂટસ્થ છે. સદાય એકરૂપે રહે છે. (ગ.પ્ર. ૬૩) **(૬)** અક્ષર મૂર્તિમાન છે છતાં વ્યાપક પણ છે. (કા. ૪) **(૭)** અને પુરુષોત્તમ ભગવાન સર્વમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે, પણ જેવા અક્ષરમાં રહ્યા છે (તેવા) તેવી રીતે પુરુષ-પ્રકૃતિ ઇત્યાદિમાં રહ્યા નથી. (ગપ્ર. ૪૧) **(૮)** અક્ષરમાં નિત્ય-સમ્યક્ પ્રકારે રહ્યા છે. પરબ્રહ્મ જ્યારે પૃથ્વી ઉપર પધારે છે ત્યારે પોતાનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું. (ગ.પ્ર. ૭૧) એવો ભગવાન સ્વામિનારાયણનો મત છે. **(૯)** ટૂંકમાં પુરુષોત્તમ ભગવાન જ્યાં જ્યાં અવતરે છે અને જ્યાં જ્યાં નિવાસ કરે છે ત્યાં પોતાની સાથે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ પણ હોય છે. (ગ.પ્ર. ૭૧) આમ, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ પુરુષોત્તમ વચ્ચે સૌથી ઘનિષ્ટ, નિત્ય, અવિયોગી સંબંધ છે. આ અક્ષરબ્રહ્મનો પરબ્રહ્મ-પુરુષોત્તમ સાથે 'દાસભાવયુક્ત-નિત્ય-પરમસ્નેહૈક્ય-સંબંધ' છે. તેથી અક્ષરબ્રહ્મને પરબ્રહ્મથી આઘા કે અળગા ક્યારેય કલ્પી શકાતા નથી.

**(બ) અક્ષરબ્રહ્મ : ધામરૂપ : (૧)** અક્ષરબ્રહ્મ જે (મૂર્તિમાન) બ્રહ્મ તે જ શ્રી પુરુષોત્તમનારાયણને રહેવા સારું ધામરૂપ થયું છે. ને સર્વ અક્ષરબ્રહ્મ (બ્રહ્મસંજ્ઞાવાળા અક્ષરમુક્તો થકી) ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે. ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે. (અમ. ૬) **(૨)** આ અક્ષરધામ અનંત છે, અપાર છે, અધોઊર્ધ્વ ને પ્રમાણે રહિત છે. અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે. આ ધામની સંકોચ-વિકાસ અવસ્થા નથી. આ ધામ સદા અવિનાશી છે. જ્યારે બીજાં ધામો પ્રાકૃત પ્રલય કે આત્યંતિક પ્રલયમાં નાશ પામે છે. અન્ય ધામો અક્ષરધામની તુલનામાં તુચ્છ છે. 'એ ભગવાનના ધામનો હેઠે, ઉપર ને ચારેકોરે અંત નથી કેમ જે એ અપાર છે.... ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદો (મુક્તો) રહ્યા છે તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. (અમ. ૬) **(૩)** અનંત મુક્તો એ ધામમાં પરબ્રહ્મની મૂર્તિનું નિરંતર સુખ લે છે અને પરબ્રહ્મના સુખે સુખિયા છે. એ સુખ અપરિમિત છે. અક્ષરધામના (બ્રહ્મરૂપ) તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણપુરુષોત્તમ ભગવાન વિરાજમાન છે ને તે સિંહાસનને ચારેકોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. (લો. ૧૪) **(૪)** તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે. તેને દ્દષ્ટાંતે કરીને કહીએ છીએ - જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય-પશુ-પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની (અરીસારૂપ) હોય અને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. (ગ.પ્ર. ૧૨) **(૫)** જેમ તેજનો મહાસાગર શોભે, તેમ અક્ષરધામ એવું અનવધિકાતિશય તેજોમય છે. અનંતકોટિ સૂર્ય-ચંદ્ર-અગ્નિનું તેજ ભેગું કરવામાં આવે તો પણ તે અક્ષરધામના તેજની તોલે ન આવે એવું શીતળ અને શાંત અક્ષરબ્રહ્મનું એ જ્યોતિઃસ્વરૂપ છે. તેને વિષે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય રહી છે. (ગ.અં. ૩૧) (ગ.પ્ર. ૭, ૧૨, ૧૪, ૩૦, ૪૬. સા. ૯, ૧૦. કા. ૭, ૮. લો. ૭. ગ.મ. ૧૩, ૩૦, ૪૨, ૬૪. ગ.અં. ૭)

**(ક) અક્ષરબ્રહ્મ : ચિદાકાશરૂપે વ્યાપક : (૧)** એ જ અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વત્ર બાહ્યાંતર વ્યાપક, તેના આધાર અને સર્વ કારણ છે. અને જે, જે થકી મોટો હોય તે, તે થકી સૂક્ષ્મ હોય અને તે તેનું કારણ પણ હોય. (ગ.પ્ર.૬૩) **(૨)** જે જે પદાર્થ રહે છે તે અવકાશમાં (અર્થાત્ ચિદાકાશમાં) જ રહે છે અને પદાર્થમાં પણ આકાશ (ચિદાકાશ) વ્યાપીને રહે છે....... અને આ બ્રહ્માંડ છે તે પણ આકાશને વિષે રહ્યું છે અને બ્રહ્માંડનું કારણ જે પ્રકૃતિ ને પુરુષ તે પણ આકાશને વિષે છે. એવો જે આકાશ (ચિદાકાશ) તે પ્રકૃતિ, પુરુષ અને તેનું કાર્ય પિંડબ્રહ્માંડ એ સર્વને માંહી પણ રહ્યો છે ને સર્વનો આધાર થઈને બહાર પણ રહ્યો છે. એવો જે આકાશ તે તો સુષુપ્તિને વિષે અથવા સમાધિને વિષે લીન થતો નથી...... અને સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે ને અનાદિ છે...... તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ. અને એ આકાશને વિષે પુરુષ ને પ્રકૃતિ તે સંકોચ અવસ્થાને અને વિકાસ અવસ્થાને પામે છે..... તે ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે. અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી. (ગ.પ્ર. ૪૬) **(૩)** આ ચિદાકાશ (આકાશ) અથાત્ અક્ષરબ્રહ્મ તો તમોગુણનું કાર્યરૂપ ભૌતિક આકાશ કે જે અંધકારરૂપ છે, વિકારવાન છે, નાશવંત છે, તેનાથી તદન ભિન્ન છે, પર છે અને સચ્ચિદાનંદરૂપ છે ને તેજરૂપ છે. (પ્ર. ૪૬) **(૪)** આ સર્વાધાર ચિદાકાશમાં (તેજમાં) બ્રહ્માંડની કોટિઓ રહેલી છે. તે અક્ષરને (અક્ષરધામને) ઉપર, હેઠે ને ચારે પડખે સર્વ દિશામાં બ્રહ્માંડની કોટિઓ છે. (ગ.મ. ૪૨) **(૫)** આમ, અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે સર્વત્ર-અંદર-બહાર વ્યાપક છે. સર્વ પદાર્થમાં વ્યાપક છે. રજે રજમાં વ્યપાક છે. રજના કોટાનકોટિ કટકા કરીએ તો તેમાં પણ વ્યાપક છે. (ગ.પ્ર. ૪૬ અને ગ.પ્ર. ૬૩) **(૬)** આ ચિદાકાશરૂપ અક્ષરબ્રહ્મ જીવ પ્રાણીમાત્રના હૃદયને વિષે વ્યાપક છે, અને તેને 'દહરાકાશ' (હૃદયાકાશ) રૂપે શ્રુતિઓમાં વર્ણવ્યું છે. તે દહરાકાશમાં પણ પુરુષોત્તમનારાયણ મૂર્તિમાન વિરાજમાન છે. (ગ.મ. ૧૩ ને આધારે)

**(ડ) અક્ષરબ્રહ્મ : પ્રગટ સત્પુરુષરૂપે : (૧)** ગ.પ્ર. ૨૧માં વર્ણવેલ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મના અનાદિના નિત્ય-નિકટતમ સેવક અને ઉત્તમ ભક્ત છે. આ અક્ષરબ્રહ્મને પરબ્રહ્મ જ્યાં પણ, જ્યારે પણ અવતરે ત્યારે સાથે લઈ જાય છે. (ગ.પ્ર. ૭૧) **(૨)** અને પરબ્રહ્મ પોતે મનુષ્યલોકમાંથી અંતર્ધાન થયા પછી (પં.૭ પ્રમાણે) પણ સદા પ્રગટ રહે છે, કારણ કે ગ.પ્ર. ૫૪ પ્રમાણે મોક્ષનું દ્વાર ઉઘાડું રાખવા, જીવોનું કલ્યાણ કરવા, ને બ્રાહ્મી સ્થિતિ પમાડવા. વળી ગ.પ્ર. ૪૧ પ્રમાણે અક્ષરબ્રહ્મમાં સમ્યક્પ્રકારે, અન્વયપણે રહ્યા છે. પરબ્રહ્મ-ભગવાન, આ અક્ષરબ્રહ્મ (ભગવાનને મળેલા અક્ષરબ્રહ્મસ્વરૂપ સત્પુરુષરૂપે) સદાય પૃથ્વી પર પ્રગટ રહે છે. (વ.૧૦) **(૩)** અને તેમના દ્વારા પરબ્રહ્મ પણ સદાય પ્રગટ રહે છે. અને તેને સંગે જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય (લો.૧૨) સિદ્ધ થાય છે અને બ્રાહ્મી સ્થિતિ (પરબ્રહ્મની સ્થિતિ) પમાય છે. (ગ.મ. ૩૧) ટૂંકમાં અક્ષરબ્રહ્મ 'પરમએકાંતિક' 'પરમભાગવત' 'બ્રહ્મસ્વરૂપ' સત્પુરુષ રૂપે પણ મુમુક્ષુઓનું કલ્યાણ કરવા પૃથ્વી પર સદા પ્રગટ રહે છે. આ પણ પરબ્રહ્મની જ ઇચ્છાથી તેમની જ સેવા કરવાનો એક પ્રકાર છે.

૩. **સમન્વયકારી ધર્મદર્શન (૯૨ થી ૯૪)** (૧) શ્રી સહજાનંદ સ્વામીએ તેમના ધર્મદર્શનમાં 'સારું તે મારું' નો સિદ્ધાંત રાખી પૂર્વાચાર્યોમાંથી શુભતત્ત્વો ચૂંટી લઈને સમન્વયાત્મક ધર્મદર્શન આપ્યું છે. (૨) તેમણે શ્રીમદ્ રામાનુજાચાર્યે પ્રવર્તાવેલ વિશિષ્ટાદ્વૈતવાદને પોતાનો કર્યો છે. તેમાંથી મુખ્યત્વે પરમાત્માનું પરપણું, સદા સાકારપણું સગુણપણું, કૃપાસાધ્યપણું, સ્વામી-સેવકભાવ, દાસત્વભક્તિ, શરીર-શરીરીનો સદાનો અપૃથક્સંબંધ, ધર્મભૂત-જ્ઞાન જેવા કેટલાક સિદ્ધાંતો સ્વીકાર્યા છે. (૩) શ્રીમદ્ શંકરાચાર્ય પ્રણીત વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્ અને મુમુક્ષુત્વ - એ સાધન-ચતુષ્ટયને પોતાના 'વેદરસ' (વેદરહસ્ય) ગ્રંથમાં સ્થાન આપ્યું છે. મોક્ષ માટે બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા તથા જીવનમુક્તિ અને વિદેહમુક્તિના વિચારને અપનાવ્યો છે. શંકરાચાર્યે સ્થાપી છે એવી વ્યવસ્થિત ગુરુપરંપરા કેટલાક ફેરફાર સાથે પોતાના સંપ્રદાયમાં સ્થાપી છે. (૪) વિવિધ વૈષ્ણવાચાર્યો અને કેટલાક શૈવ સંપ્રદાયોની જેમ ભક્તિને જ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે ગણી છે. અને મોક્ષ પરમશ્વરની કૃપા-અનુગ્રહથી થાય છે એમ સ્વીકાર્યું છે. (૫) શ્રીમદ્ રામાનુજાચાર્યે અને રામાનંદચાર્યે ઉપદેશેલ વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ વગેરે સાધનસપ્તક તથા શરણાગત ભક્તે કેળવવાની પાંચ પ્રકારની રુચિ જેવી કે ભગવાનને ગમતાનો વિચાર - ન ગમતી વસ્તુઓનો ત્યાગ, રક્ષક ભગવાન જ છે એવો દૃઢ વિશ્વાસ-આશરો, આત્મસમર્પણ અને કાર્પણ્ય કહેતાં ગર્વત્યાગ કરી નિર્માની થઈ પ્રભુને આધીન રહેવું વગેરે તેમનાં વચનામૃતોમાં એક યા બીજી રીતે સમાવી લીધાં છે. એમણે કહી છે એવી જ પરમેશ્વરમાં તૈલધારા-વૃત્તિ રાખવાની વાત શ્રી સહજાનંદ સ્વામીએ સ્વીકારી છે. (૬) રામાનુજ, રામાનંદ, મધ્વ અને શૈવ સંપ્રદાયોમાં કહ્યો એવો દાસત્વભક્તિનો આદર્શ સ્વીકાર્યો છે. મધ્વ અને વલ્લભે સૂચવેલ માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિનો સિદ્ધાંત પોતાનો કર્યો છે. (૭) રામાનુજ, મધ્વ અને નિમ્બાર્ક, રામાનંદ, વલ્લભ, ચૈતન્ય, હિતહરિવંશ અને પાશુપત શૈવ સિદ્ધાંતમાં કહ્યો એવો ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનો સિદ્ધાંત તેમણે માન્ય રાખ્યો છે, એમ સ્વીકાર્યું છે. (૮) નિમ્બાર્કે અને વલ્લભે આપેલું સંગીતનું અને ગાયનવિદ્યાનું સ્થાન ભગવાનને રાજી કરવાના સાધનરૂપે સ્વીકાર્યું છે. (૯) ચૈતન્યએ પ્રવર્તાવેલ હરિકીર્તનભક્તિ અને નામ સ્મરણનો મહિમા, તેના કેવળ શુદ્ધ સ્વરૂપમાં અપનાવ્યો છે. (૧૦) પ્રપત્તિનું સ્થાન મધ્વના શરણાગતિના સિદ્ધાંતને મળતું છે. વલ્લભ સંપ્રદાયે વર્ણવેલી આત્મનિવેદી પૂજા સેવા-રીતિ અને માનસીપૂજાવિધિ સ્વીકારી છે. વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલ વ્રતોત્સવનો નિર્ણય તથા સેવાવિધિનો સ્વીકાર કર્યો છે. સર્વ વૈષ્ણવ, શૈવ, સ્માર્ત અને શાક્ત સંપ્રદાયોએ સ્થાપેલું ગુરુનું સ્થાન અને ગુરુમહિમા તેમણે સ્વીકારી, પરિશુદ્ધ કરી તેને પોતાની આગવી રીતે પ્રવર્તાવ્યો છે. (૧૧) વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોએ ઉપદેશેલ દૃઢ શ્રદ્ધા, આશરો અને નિષ્ઠાનું તત્ત્વ તેમણે સ્વીકાર્યું છે. આમ સ્વામિનારાયણીય ધર્મદર્શનમાં સર્વ હિંદુ સંપ્રદાયોનાં શુભ તત્ત્વોનો સુંદર સમન્વય દૃષ્ટિગોચર થાય છે. (૧૨) હિંદુ ધર્મ પ્રણીત વેદ, ગુરુ, આચાર્ય, ધર્મગ્રંથો, સહિષ્ણુતા, મતાંતરક્ષમા, હૃદયની વિશાળતા, નીતિ, ભક્તિ, જ્ઞાન, અનાસક્તિ, ભગવાનના સદા સાકાર સ્વરૂપની ઉપાસના વગેરેની આવશ્યકતા - આ બધાં જ શુભ તત્ત્વોનો સુભગ સમન્વય એટલે શ્રી સહજાનંદસ્વામી પ્રણીત સ્વામિનારાયણ સંપ્રદાય. આમ, વ્યક્તિ અને સમાજની નૈતિક, ધાર્મિક અને ઉન્નતિનો હિમાયતી આ સંપ્રદાય છે.

**પ્ર-૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. **સર્વાવતારીનું પ્રાકટ્ય અને પ્રયોજન : સર્વાવતારીનું પ્રાકટ્ય (૩૪થી૩૬)** (૧) જ્યારે સર્વાવતારી પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન પોતે જ પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે તેમની પ્રગટ થવાની રીત તો અવતારોના અવતરણ કરતાં તદ્દન જુદી છે. સર્વાવતારીના પ્રાકટ્યની રીત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''અક્ષરાતીત અને મનવાણીથી પર અને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, ''જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુ લોકના મનુષ્ય તે સર્વે મને દેખો' - એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે.'' (ગ.પ્ર. ૭૮) (૨) અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થાય છે..... અને ભગવાન (પરબ્રહ્મ-પુરુષોત્તમ) જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ (મૂર્તિમાન અક્ષરબ્રહ્મ) અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ (મુક્તો) અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે....... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. (ગ.પ્ર. ૭૧) (૩) પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન સદાય પોતાના દિવ્ય અક્ષરધામમાં એકરૂપે વિરાજમાન હોય છે. પરંતુ પોતાનું અગાધ ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) (૪) અને એ ભગવાન મનુષ્ય દેહને ધારણ કરે છે, ત્યારે મનુષ્યના જેવી ક્રિયા કરે છે. (પં. ૪) (૫) પોતાની ઇચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે, ને જન્મને ધારણ કરતાં થકા પણ અજન્મા છે. ને દેહને મૂકતા થકા પણ અજર અમર છે. ને નિરંજન છે કહેતાં માયાના અંજને કરીને રહિત છે.... (તેમનું) મનુષ્યદેહને જે ધરવું ને મૂકવું તે તો નટની (માયાની) પેઠે ઇન્દ્રજાલ સરખું છે. (અમ. ૪)

(૬) છતાં એ ભગવાનની જન્મ ધર્યાની અને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને પૃથ્વી પર દેહ ધરવાં છતાં જે જે તત્ત્વને ભગવાન અંગીકાર કરે છે તે તત્ત્વ બ્રહ્મરૂપ અને નિર્ગુણ થઈ જાય છે, અને પોતે તો સદા માયાથી નિર્લેપ અને અસંગી રહે છે. (ગ.મ. ૧૩) (૭) ટૂંકમાં ધામમાં રહ્યા થકા અહીં પૃથ્વી પર તથા અનંતકોટિ બ્રહ્માંડને વિષે જ્યાં પણ પોતાને સ્વેચ્છાથી પ્રકટ થવું હોય ત્યાં પોતાના ભક્તને અર્થે અનંતરૂપે દેખાય છે. (લો. ૪ને આધારે) (૮) અને તેથી જ ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી. (ગ.મ. ૧૩) (૯) એટલું જ નહીં, પરંતુ તેજોમય જે ભગવાનનું અક્ષરધામ તેને વિષે રહી જે ભગવાનની આકૃતિ (મૂર્તિ) અને પ્રકટ પ્રમાણ સર્વેને દૃષ્ટિ ગોચર પ્રત્યક્ષ મૂર્તિ વચ્ચે અધિકપણે સાદશ્યપણું છે. જેવી અક્ષરધામમાં રહેલી પુરુષોત્તમની મૂર્તિ દિવ્ય છે એવી જ નયનગોચર પ્રત્યક્ષમૂર્તિ પણ દિવ્ય છે. (ગ.અં. ૩૧) (૧૦) એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. (ગ.અં. ૩૮) સમપણે દિવ્ય છે. પરંતુ ભગવાન સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે, સખાભાવે, મિત્રભાવે ઇત્યાદિભાવે વર્તે છે. (કારિ.-૫)

**અવતારીનું પ્રાકટ્ય-પ્રયોજન** (૧) સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજન પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા અને તે ભક્તની ઇચ્છા હોય તેવી રીતે લાડ લડાવવા, (કારિ.-૫) એકાંતિક ભક્તને દર્શન દેવાં અને તેમની રક્ષા કરવી, (ગ.મ.૧૯) ભક્તના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની રક્ષા કરવી, (વર-૧૩) અને પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ (એકાંતિક ધર્મ) તે પ્રવર્તાવવાને અર્થે થાય છે. (ગ.મ. ૪૬) (૨) અવિદ્યારૂપ જે માયા તેનો નાશ કરવો અને જીવોને બ્રહ્મરૂપ કરવા. (શ્રીજીના પ્રસાદીના પત્રો) એ પણ મુખ્ય પ્રયોજન છે. તે ભેળું (મુખ્ય પ્રયોજન ભેળું અન્ય પ્રયોજન) અસંખ્ય જીવનું કલ્યાણ કરવું, ધર્મનું સ્થાપન કરવું, (કારિ.-૫) (૩) અધર્મનો ઉચ્છેદ કરવો, (ગ.મ.૧૯) - એ હેતુ પણ હોય છે.

૨. **તત્ત્વપંચક અને માયાનાં લક્ષણ : પાંચ તત્ત્વો (૨૧)** (૧) ભગવાન સ્વામિનારાયણે શ્રીમદ્ રામાનુજાચાર્યનો 'વિશિષ્ટાદ્વૈત' મતને પ્રિય ગણ્યો છે, પરંતુ તેમના તત્ત્વત્રયના (ચિદ્, અચિદ્, ઈશ્વરના) સ્થાને પાંચ તત્ત્વો નિત્ય કહ્યાં છે. તેઓ કહે છે : ''વેદ, પુરાણ, ઇતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ (અક્ષર) અને પરમેશ્વર (પરબ્રહ્મ) - એ સર્વે અનાદિ છે.'' (ગ.અં. ૧૦) (૨) આ પાંચે તત્ત્વો વચ્ચેનો ભેદ સાચો છે, વાસ્તવિક છે, પરંતુ એ ભેદ કાલ્પનિક, આભાસી કે ઔપચારિક નથી. આ વાતની પુષ્ટિ કરતા તેઓ ગ.પ્ર.૭ માં કહે છે : ''પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ પાંચ ભેદ તે અનાદિ છે.'' (૩) ટૂંકમાં આ પાંચે તત્ત્વો એક બીજાથી ભિન્ન છે, નિત્ય છે, શાશ્વત છે. આ વાતની પુષ્ટિ તેમણે ગ.મ. ૩૧ તથા સારંગ. ૫ માં પણ કરી છે.

**માયાનાં લક્ષણો (૪૬ થી ૪૮)** (૧) માયા શબ્દે કરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે. માયાને અવિદ્યા, તમસ, પ્રકૃતિ, અવ્યક્ત વગેરે તરીકે પણ ઓળખાવી છે. સત્ત્વ, રજસ અને તમસ - આ ત્રણ ગુણ યુક્ત હોઈ તેને ત્રિગુણાત્મિકા કહી છે. માયા અંધકારરૂપ છે, જડચિદાત્મક છે, નિત્ય છે, નિર્વિશેષ છે. દેહ તથા દેહના સંબંધીને વિષે અહંમમત્વની કરાવનારી છે. માયા પણ પરબ્રહ્મને આધીન પરબ્રહ્મ દ્વારા નિયામ્ય છે, પરતંત્ર છે અને પરબ્રહ્મની શક્તિ છે. (અહીં 'માયા' શબ્દે કરીને મહામાયા-મૂળમાયા-મૂળપ્રકૃતિ ને પરબ્રહ્મની શક્તિ તરીકે નિરૂપી છે) માયા પરબ્રહ્મની કાર્યોપયોગી પરંતુ પરબ્રહ્મ પર સદા અવલંબિત શક્તિ છે, છતાં પરબ્રહ્મ, માયાથી સદા નિર્લેપ, અસંગી છે. માયા અચેતન (અચિદ્) છે, વિભુ છે અને મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોએ યુક્ત છે. (૨) માયાને વિસ્મયકારક કહી છે. માયાની કરામતને ઓળખવી દુષ્કર છે. તેના પાશમાંથી મુક્ત થવું અતિ કઠિન છે. બ્રહ્મસ્વરૂપ સંત અને એ દ્વારા પ્રાપ્ત થતા સત્યજ્ઞાન વગર માયાને ઓળખવી અને તરવી અશક્યવત્ છે. માયાને લીધે આત્મસ્વરૂપનું અને પરમાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી. ભગવાન વિના અન્ય પદાર્થમાં હેત તથા ભગવદ્ધ્યાનમાં આડખીલીરૂપ સર્વ પદાર્થને માયા કહી છે તેથી જ ભગવાન વિના બીજે હેત રહે તેમ જ દેહને વિષે અહંબુદ્ધિ, દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વ-બુદ્ધિને તથા પંચવિષયને વિષે હેત રહે, તેને માયા કહી છે. પ્રમાદ ને મોહ માયાનું જ કાર્ય છે. (૩) ચેતન જીવેશ્વરોને જડસંજ્ઞા પમાડવાની શક્તિ માયા ધરાવે છે. માયા નિર્વિશેષ છે. અનાદિ છે. મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોની જનેતા છે. જીવેશ્વરોના બંધનનું કારણ છે. જીવેશ્વરોનું ક્ષેત્ર છે. પરબ્રહ્મ પરમાત્માના એક દેશને વિષે તેમની શક્તિરૂપે રહેલી હોવા છતાં, પરમાત્માની બક્ષેલી સત્તાએ કરીને જગત, ઈશ્વરો અને જીવોને વિષે વ્યાપક છે; પરંતુ માયાની સત્તા પરમેશ્વર, પરમેશ્વરના અવતાર, અક્ષરબ્રહ્મ, બ્રહ્મસ્વરૂપ સંત અને અક્ષરમુક્તો પર ચાલતી નથી. એ સર્વમાં માયાનો લેશ નથી. એ સર્વે દિવ્ય, નિર્દોષ અને નિર્લેપ છે. ઊલટાનું જેના પર ભગવાન ને બ્રહ્મસ્વરૂપ સંતની કૃપા-પ્રસાદ છે, તેવા મોક્ષને માર્ગે ચાલનારા ભક્તજનોને તથા મુમુક્ષુઓને પણ માયા સાનુકૂળ થઈ રહે છે. (૪) ગાઢ અવિદ્યામય-અંધકાર

જેવા પ્રલયકાળે માયા-પ્રકૃતિમાં અસંખ્યાત ચેતન જીવો અને ઈશ્વરો જડતુલ્ય થઈને લીન (બીજરૂપે) રહે છે, તેથી માયાને જડચિદાત્મક કહી છે, તમસ્ કહી છે. માયા જ જીવેશ્વરો માટે અવિદ્યા-કર્મ, અજ્ઞાન અને બંધનનું કારણ છે. (સત્સંગિજીવન ૧૨/૬) **(૫)** માયા (મહામાયા) ઉત્પત્તિરહિત છે, નિત્ય છે, જ્યારે માયાનું કાર્ય જે મહદાદિક ચોવીસ તત્ત્વો અનિત્ય છે, નાશવંત છે. તેથી જગત સત્ય છે, પરંતુ નિત્ય નથી. જગત, ભ્રમ, ભ્રાંતિ કે કાલ્પનિક નથી; પરંતુ નાશવંત છે અને દુઃખકારક છે તથા બંધનકારક છે. આમ, સ્વામિનારાયણીય વેદાંત યથાર્થવાદી (વાસ્તવવાદી) છે.

૩. **સ્વામિનારાયણીય સાધના (૭૦ થી ૭૩)** અન્ય વેદાંત દર્શનોની માફક સ્વામિનારાયણ વેદાંતમાં પણ મુક્તિ પ્રાપ્ત કરવાના સાધના માર્ગમાં યોગ, ધ્યાન અને સમાધિ, અર્થાત્ અષ્ટાંગ-યોગનો સ્વીકાર કર્યો છે, પરંતુ આ બાબતમાં પણ અભિગમ તદ્દન, ભિન્ન, મૌલિક અને સર્વગ્રાહી બનાવવાનો રહ્યો છે. મુક્તિ માટે આવશ્યક એવી નિર્વિકલ્પ સમાધિની સિદ્ધિ કરવાના બે ઉપાયો છે : **(૧)** એક તો 'પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય છે તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે.... અને પ્રાણને નિરોધે કરીને જે ચિત્તનો નિરોધ થાય છે તે તો અષ્ટાંગયોગે સિદ્ધ કરીને થાય છે. તે અષ્ટાંગયોગ તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ - એ આઠ અંગ તેણે યુક્ત છે. ને એનું ફળ તે ભગવાનને વિષે નિર્વિકલ્પ સમાધિ છે. તે જ્યારે એવી નિર્વિકલ્પ સમાધિ થાય છે ત્યારે પ્રાણને નિરોધે કરીને ચિત્તનો નિરોધ થાય છે.' (ગ.પ્ર.૨૫) પરંતુ આ માર્ગ અતિશય કઠિન છે. આ સર્વગ્રાહી અને સરળ નથી. આને માટે તો ગોપાળાનંદ સ્વામી જેવા સિદ્ધમુનિ જેવી ધીરજ, શક્તિ અને પ્રયાસની જરૂર છે. જ્યારે **(૨)** બીજો પ્રકાર એ છે જે 'ચિત્તને નિરોધે કરી પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે તો જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય અને તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય તો જ્યારે સર્વ ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય, ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ... (આ પ્રમાણે) જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનને વિષે જોડાય છે તો તે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને પણ ચિત્તનો નિરોધ થાય છે. માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો.' (ગ.પ્ર.૨૫) આ ઉપાય સૌથી સરળ, ટૂંકા માર્ગરૂપ અને સર્વગ્રાહી છે. તેને માટે માહાત્મ્યનું જ્ઞાન, અને ભક્તિ જરૂરી છે. **(૩)** ટૂંકમાં ઉપાસના અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિવાળા એકાંતિકધર્મની સિદ્ધિથી અષ્ટાંગયોગ માટે આવશ્યક એવો 'ચિત્તવૃત્તિનિરોધ' સિદ્ધ થાય છે અને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થાય છે. તેથી જ કહ્યું છે : 'અષ્ટ આવરણ યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' (લો.૧૨) **(૪)** અને આ પ્રકારે 'અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ.' (ગ.પ્ર.૪૦) **(૫)** અહીં અષ્ટાંગયોગની સિદ્ધિનો ક્રમ ઉલટાવીને, એનું એ જ 'ચિત્તવૃત્તિનિરોધ દ્વારા નિર્વિકલ્પ સમાધિ' સિદ્ધ કરવાનું ધ્યેય મુમુક્ષુમાત્ર માટે સરળ અને સહજપ્રાપ્ય બનાવ્યું છે. સ્વામિનારાયણીય સાધનામાર્ગની આ એક આગવી વિલક્ષણતા છે. તદ્ઉપરાંત, **શ્રીજીમહારાજે તેમનાં વચનામૃતોમાં મુક્તિ મેળવવામાં સહાયરૂપ મુખ્ય સરળ સાધનો નીચે મુજબ બતાવ્યાં છે. : ૧.** ભગવાનની ઉપાસના, નામસ્મરણ અને ચરિત્રગાન, ભગવાનનની મૂર્તિનો આશ્રય અને દૃઢ ધર્મપાલન. (ગ.મ.૩૫) **૨.** આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસત્વભક્તિમાંથી એક અંગ દૃઢ કરવું. **૩.** સત્સંગ સંબંધી જે સર્વે વર્તમાન તેને ખબરદાર થઈને પાળવા. (અમ.૫) **૪.** ત્રીસ લક્ષણે યુક્ત એવા જે (બ્રહ્મસ્વરૂપ-પરમએકાંતિક) સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય. (વર.૪) આવા સાધુનો આશ્રય કરવા તો તે થકી જીવનું કલ્યાણ થાય છે. (વર.૧૦) **૫.** ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહીં અને લેતો હોય તેનો સંગ રાખવો નહીં. (ગ.અં.૧૧) **૬.** નિષ્કામી વર્તમાન દૃઢ રાખવું તેનાથી ભગવાન સાથે આ લોક-પરલોકમાં અવશ્ય મેળાપ રહે છે. એ જ એમને વહાલો છે. એના પરથી ભગવાનને હેત ઓછું થતું નથી. (ગ.મ.૩૩) **૭.** ભગવાનની આજ્ઞા અને ઉપાસના જીવનમાં દૃઢ રાખવી અને સ્વધર્મમાં રહીને ભગવાનની ભક્તિ કરવી. **૮.** આત્મા-અનાત્માનો વિવેક કેળવવો. પોતાના અવગુણો-દોષો જોવા અને ટાળવા. ભગવાનના ભક્તમાં ગુણ જોવા અને તેને ગ્રહણ કરવા. **૯.** માન, દંભ અને ઈર્ષ્યા રહિત ભક્તિ કરવી. **૧૦.** ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરવો. **૧૧.** ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહીં. સર્વાવતારી પરબ્રહ્મ ભગવાનને અવતારાદિક જેવા કે તેથી ઊતરતા જાણવા અથવા તેમને નિરાકાર જાણવા - એ એમના સ્વરૂપનો દ્રોહ છે. પંચ મહાપાપથી પણ મોટું પાપ છે. **૧૨.** અનાસક્તિરૂપ વૈરાગ્ય કેળવવો. નિષ્કામપણે સત્સંગ કરવો. **૧૩.** પાંચે ઈન્દ્રિયોના આહાર શુદ્ધ રાખવા - પંચવિષય જો ભગવાનના સંબંધવાળા હોય તો જ ભોગવવા. **૧૪.** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ સાધનચતુષ્ટયમાંથી નિષ્પન્ન થતાં એકાંતિક ધર્મની સિદ્ધિ કરી એકાંતિક ભક્તિ કરવી - એ મુખ્ય સાધન છે.

૪. **જીવનમુક્તિ (૭૪ થી ૭૮) (૧)** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ - આ ચારેનો વિકાસ સાધકના જીવનમાં આવશ્યક છે. એવી એકાંતિકી ભક્તિ જ મોક્ષ અર્થાત્ પરમ પદનો હેતુ છે. એકાંતિકી ભક્તિમાં પતિવ્રતા સ્ત્રીના જેવી અનન્ય નિષ્ઠા અને પરમ નિર્માનીપણાનું દ્યોતક એવું દાસત્વપણું અંતર્ગત છે. એકાંતિકી ભક્તિમાં પરમાત્માના પ્રગટ સ્વરૂપની ઉપાસના ભક્તિનો નિર્દેશ છે. **(૨)** જે મુમુક્ષુજન પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુ પાસેથી જ્ઞાન-પ્રાપ્તિ અને અધ્યાત્મ સાધના કરે છે, તે જ મોક્ષને માર્ગે પૂરેપૂરો આગળ વધી પરમપદ પામી શકે છે, કારણ કે જે મુમુક્ષુજન ત્રણ ગુણ, ત્રણ અવસ્થા ને ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ જાણીને, પ્રગટ અક્ષરબ્રહ્મના સાકાર સ્વરૂપ સંગાથે પોતાના આત્માની એકતા પ્રાપ્ત કરીને પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપની ભક્તિ કરે છે, તે જ જીવનમુક્ત થાય છે અને તે જ પરમપદ જે મોક્ષ તેને પામે છે અને તે જ પરમધામમાં (અક્ષરધામમાં) પરબ્રહ્મ પરમાત્માની નિત્ય સેવામાં સ્થાન પામે છે. (શિક્ષા. ૧૧૬, ૧૨૧ તથા લો. ૭ અને ગ.મ. ૩૦) **(૩)** (પ્રગટ) મૂર્તિમાન અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેનારો ભક્ત જ નિર્વિકલ્પ સમાધિવાળો છે અને તે જ મુક્તિને પામે છે. અને તે જ પરબ્રહ્મની નિત્ય ભક્તિનો અધિકારી બને છે. (ગ.પ્ર.૪૦, શિક્ષા-૧૨૧, ૧૧૬) અને તેથી જ અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જ અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ (મૂર્તિમાન - સાકાર - પ્રગટ) અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ એમ શ્રીજીમહારાજ કહે છે. (લો. ૧૨) કારણ કે ''મારું સ્વરૂપ તો માયાથકી મુક્ત ને પર એવું જે (સાકાર-અક્ષર) બ્રહ્મ તે છે.'' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે છે. (ગ.મ. ૩૧) અને જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. **(૪)** આમ, પોતાના જીવાત્માને એ બ્રહ્મ (પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ) સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી સેવકભાવે ઉપાસના કરવી. (ગ.મ. ૩) **(૫)** એ જ આત્યંતિકી મુક્તિનું સાચું સ્વરૂપ છે. કારણ કે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ (પ્રીતિ) જ બ્રહ્મસ્વરૂપ છે. (ગ.મ. ૪૩) **(૬)** ભગવાન કૃપાસાધ્ય છે. ભક્તનો અવિરત દાખડો અને અતિદૃઢ ભક્તિ દેખીને પોતે તેને આધીન થઈ જાય છે. (પ્ર. ૬૧) તેના પર પોતાની કૃપા-કરુણા વરસાવે છે અને તે મુમુક્ષુના દોષો વિકારો, અજ્ઞાન અને કારણ શરીરની વાસનાઓ પોતાના સંકલ્પમાત્રે ટાળીને તેનો મોક્ષ કરે છે ''માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'' (સા., ૯) **(૭)** ''અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'' (ગ.અં. ૭) **(૮)** માટે ''પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ (સદાય) ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ, તે અણુમાત્ર છેટે નથી.'' (સા. ૧૦) **(૯)** આ છે જીવનમુક્તિનો આદર્શ, આ છે જીવનમુક્તિની સ્થિતિ, આ છે અવિદ્યા અને કારણ શરીર-વાસનામય લિંગદેહથી મુક્તિ. **(૧૦)** જીવનમુક્તિ એટલે અવિદ્યા અને જન્મમરણના ફેરામાંથી નિવૃત્તિ અને ભગવાનના સાન્નિધ્ય અને સુખની અહોનિશ અનુભૂતિ. **(૧૧)** એવી રીતે જે (ભક્ત) ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે ..... એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (કા.૧) **(૧૨)** આવી સિદ્ધદશા પામેલા તે જીવનમુક્તને પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહીં. (કા.૭) **(૧૩)** ટૂંકમાં, જીવનમુક્તિ, એ અવસ્થાની (સ્થિતિની) પ્રાપ્તિ છે જેમાં આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું (દિવ્યાનંદનું) સુખ (એ ભક્ત) ભોગવે છે. (ગ.મ. ૪૫) **(૧૪)** આવો જીવનમુક્ત દેહ મૂક્યા કેડે ભગવાનના ધામમાં જાય છે ત્યારે તેને ભગવાનની ઇચ્છા-કૃપાથી બ્રહ્મરૂપ દેહ (દિવ્ય-તેજોમય-પરમાત્મા સમાકાર-ભાગવતી તનુ) પ્રાપ્ત થાય છે. (ગ.પ્ર.૧, ગ.મ. ૬૬) **(૧૫)** આમ, વિદેહમુક્તિ એ દેહ મૂક્યા કેડે થતી પરમપદની પ્રાપ્તિ છે; જ્યારે જીવનમુક્તિ એ, એ જ સુખની દેહ છતાં અનુભવાતી (પૂર્ણકામપણાની) સ્થિતિ છે. આવો ભક્ત દેહ મૂક્યા કેડે (વિદેહમુક્તિમાં) ભગવાને આપેલ ભાગવતી તનુએ કરીને ભગવાનની સેવાને વિષે રહે છે. (ગ.પ્ર. ૫૩, ૬૩) **(૧૬)** અને ભગવાનનો ભક્ત જ્યારે દેહ મૂકે છે ત્યારે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન પોતે જ તેને સ્વધામ - અક્ષરધામમાં લઈ જવા દિવ્ય દેહે પધારે છે અને નિર્વાસનિક થયેલા બ્રાહ્મી સ્થિતિ પામેલા ભક્તજનને કૃપાએ કરીને અષ્ટપ્રકારની જડ પ્રકૃતિથી ભિન્ન એવો અપ્રાકૃત દિવ્ય ચૈતન્યમય (પ્રકાશમય) દેહ ભગવાન પોતે જ આપે છે, જેણે કરીને પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની સેવા-ભક્તિનું સુખ અને પરમાનંદ ચિરંતન માણે છે. **(૧૭)** ભગવાનના પરમ અક્ષરધામમાં પરબ્રહ્મ ભગવાન, અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તો એ સર્વેનો આકાર ભગવાનના જેવો છે, સત્ય છે, દિવ્ય છે, અતિશય પ્રકાશે યુક્ત છે, પુરુષના જેવો દ્વિભુજ છે, ને સચ્ચિદાનંદરૂપ છે તો પણ મુક્તો પુરુષ છે, જ્યારે ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે, ને એ સર્વેને ઉપાસ્ય છે ને સર્વેના સ્વામી છે (ગ.અં. ૩૭, ૩૮) ધામમાં અક્ષરબ્રહ્મ અને સર્વે મુક્તો દાસભાવે

પરબ્રહ્મની નિત્ય નિરંતર ધ્યાન-ભક્તિમાં રત રહે છે. **(૧૮)** એવી રીતે ભગવાનના ભક્ત મુક્તિ દશામાં ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ, સ્વામી-સેવકપણું રહે છે. (ગ.મ. ૬૭) 'સાધર્મ્યપણું' એટલે પુરુષોત્તમ સમાકાર દિવ્ય તનુ પ્રાપ્ત થાય છે. પરંતુ પરમધામ-અક્ષરધામની (મુક્તિની) પ્રાપ્તિ થયા પછી પણ 'સ્વામી-સેવક' 'પરમેશ્વર-દાસ', 'ભગવાન-ભક્ત', 'ઉપાસ્ય-ઉપાસક' ભેદ અને સંબંધ નિત્ય નિરંતર રહે છે. ટૂંકમાં અક્ષરબ્રહ્મ (સાકાર અક્ષરબ્રહ્મના સ્વરૂપ) સાથે મુક્તો સર્વેનો અભેદ (ગુણસાધર્મ્યભાવના અર્થમાં), અને પરબ્રહ્મ સંગાથે ભેદ (સેવક/દાસ-પણાના અર્થમાં) કાયમ રહે છે. (ગ.મ. ૬૭ ને ૩૧) **(૧૯)** તેમજ, પ્રકાશપણે સજાતિપણું હોવા છતાં ભેદ અતિશય છે. (લો. ૧૫) **(૨૦)** અક્ષરધામમાં મુક્તો સર્વે નિરંતર પુરુષોત્તમની મૂર્તિનું અવર્ણનીય સુખ-આનંદ લેવામાં જ અખંડ રત હોય છે. **(૨૧)** આમ, સ્વામી-સેવકભાવની ભક્તિમાં દાસત્વપણું એ અમાનીત્વની પરાકાષ્ઠા છે. અહંકારનું સંપૂર્ણ નિરસન છે. 'સ્વ'ને ભૂલી 'પર'મય થવાનું ચરમ લક્ષ્ય છે તેથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી, તેમના ચરણનું સેવન કરવું - તેને જ ઉપાસનાની સિદ્ધિ અને તેને જ મુક્તિ માની છે. (શિક્ષાપત્રી-૧૨૧)

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

**૧. એકાંતિક સત્પુરુષ કેમ સમજે ને કેમ વર્તે ? (૯ થી ૧૩) (૧)** પરમ એકાંતિક, ભગવાનના અખંડ ધારક સંત કેવી રીતે સમજતા હોય અને કેવી રીતે વર્તતા હોય, તે દર્શાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.. અને જે એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે, 'શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે તે તો માયિક એવા જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે. પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે અને અનંત કલ્યાણગુણે યુક્ત છે.'' (ગ.પ્ર. ૬૬) અને જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે, આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતા થકા રહે છે અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનું રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે. એવી જાતની જેને દૃઢ મતિ હોય તે જ આ વાર્તાને સમજી શકે અને તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે, તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે, તેને સમજે છે. પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા, તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ.' (પં. ૭) **(૨)** એકાંતિક ભક્ત તો એમ સમજે જે, 'એક આત્મા વિના જે જે પદાર્થ છે તેનો ત્યાગ કરીને વર્તવું ને ભગવાનની ઉપાસના કરવી.. અને मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किंग्चन એમ સમજે.' (ગ.પ્ર.૩૮) 'તથા ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે... તે સત્ય છે, ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે.. તે પુરુષના જેવો દ્વિભુજ છે. ને સચ્ચિદાનંદ રૂપ છે.... એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, ને તમારા ઈષ્ટદેવ છે, ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા એ જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં, ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં, કાંઈ ભેદ નથી. એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વેના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વે કારણના કારણ છે, સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (ગ.અં. ૩૮) અને એવા 'એકાંતિક સંત છે, તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે અને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંતકોટિ મુક્ત અને અક્ષરધામ, એ સર્વના આત્મા જાણે છે.. અને ભગવાન તો સદા મૂર્તિમાન જ છે એવી રીતે સમજે.' (ગ.પ્ર. ૬૬) **(૩)** ભગવાનના એકાંતિક સંત કેવી રીતે વર્તતા હોય, તે સૂચવતાં શ્રીહરિ કહે છે : 'ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને હાથ તે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે.' (ગ.મ. ૫૫) આમ 'એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય હોય તો પણ ભગવાન સંબંધી જ હોય અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવાને ઈચ્છે અને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતના દર્શન કરવાને ઈચ્છે અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે અને નાસિકા તે ભગવાનને ચડ્યાં જે પુષ્પ - તુલસી તેના સુગંધને ઈચ્છે. પણ પરમેશ્વર

વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ. એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.' (ગ.મ. ૪૮) આવા 'મોટા એકાંતિક ક્રિયા કરાવે, પણ તેમાં બંધાવા દે નહિ, ને નિષેધ કર્યા કરે, ને બીજા તો કરાવે એટલું તેના હૈયામાં ભેગું થઈને ખડકાય, ને અંતરમાં ગોટા વળાવે.' એમ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે. **(૪)** જે એકાંતિક ભક્ત હોય તે ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માને સદા શૂરવીર રહે. નિત્ય નવીન શ્રદ્ધાથી ભગવાનની મૂર્તિ ધારે અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય.' એવું તો ભૂલ્યે પણ ન કહે (ગ.પ્ર. ૧૫) અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ. (ગ.પ્ર. ૧૪) પોતાના ઈષ્ટદેવ સિવાય કોઈને કદી સુખદાયી જાણે નહિ. (ગ.મ. ૪૮) વળી તેના મનમાં ભગવાન સિવાય બીજી કોઈ વાસના ન હોય અને અતિશય નિર્માનીપણે વર્તે. (ગ.પ્ર. ૫૬) અને પંચવિષયનો સદા અભાવ વર્તે. (ગ.પ્ર. ૨૬) એટલું જ નહિ, પરંતુ તેને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ થાય જ નહિ. (ગ.મ. ૫૬) અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. (ગ.અં. ૧૬) અને ભગવાનની આજ્ઞા તો કોઈ કાળે પણ લોપે નહિ. ને જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે. (કા. ૧૧) અને ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખે. (ગ.પ્ર. ૨૩) આવા એકાંતિક સંત તો ઇંદ્રિયો, અંતઃકરણ, આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે, પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ. ભગવાન સંબંધી ક્રિયાને જ કરે. પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, પોતાને બ્રહ્મરૂપ માને અને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. માટે એવા સંત તો ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. (ગ.અં. ૨૬) **(૫)** એ એકાંતિક ભક્ત તો પોતાના જીવાત્માને ત્રણ શરીરથી પૃથક્ માને અને અંતદૃષ્ટિ (આત્મદૃષ્ટિ) એ કરીને ભગવાનનું ધામ અણુ માત્ર પણ છેટે નથી એમ સમજતો હોય અને પોતાના આત્માને વિષે ભગવાન અખંડ (સદાય) વિરાજમાન છે, તેમ માનતો હોય છે. (સા. ૧૦) એવા એકાંતિક સંત તો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા સર્વોપરી ભક્ત છે, કારણ કે અષ્ટ આવરણેયુક્ત એવા જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર, તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે છે. (લો. ૧૨) આવા સંત તો પોતાના હૃદયને વિષે ભગવાનના ધામનો દરવાજો છે, એવું માનીને સદા જાગ્રત રહે છે અને અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં રહે છે અને દેહની ક્રિયા કરતાં થકા પણ પોતાની સ્થિતિમાંથી ડગતા નથી. એમ નિરંતર ભગવાનની સેવામાં રહે છે. (ગ.અં. ૯) તેથી એ સાચા 'શ્રેષ્ઠ વૈષ્ણવ' છે. (વર. ૨૦) અને જેમ સોનાનો દોરો છયે ઋતુમાં એક સરખો રહે, તેમ ગમે તેવા સુખ-દુઃખ અને માન-અપમાન થાય તો પણ કોઈ રીતે સત્સંગમાંથી તેનું મન પાછું હઠતું નથી. (ગ.અં. ૨૧) એવા સંત તો અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિ સ્થાવર-જંગમ સર્વ આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ તેને ભાસે નહિ. (કા. ૭) અને આટઆટલી મોટપ હોવા છતાં, આવા સંત તો ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણીને સ્વામી-સેવક ભાવે કરીને ભગવાનની ભક્તિ - ઉપાસના સદા કરતા હોય છે. (કા. ૧૦) **(૬)** શ્રીહરિ કહે છે કે, 'જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી. એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય, એ જ મરણ છે.' (ગ.મ. ૪૬) તેથી જ પરમેશ્વરના અખંડ ધારક પરમ એકાંતિક સંત, જ્યારે પણ કોઈ મુમુક્ષુને પ્રારબ્ધ, કુસંગ, વાસના કે દેશકાળાદિકે કરીને એકાંતિક ધર્મના માર્ગમાંથી વિચલિત થતો જુએ છે, ત્યારે તેમને અતિશય દુઃખ થાય છે અને તેઓ એવા માર્ગ ચૂકેલા મુમુક્ષુને નિયમ આપીને, કથાવાર્તા દ્વારા સાચી સમજણ આપીને, આજ્ઞા કરીને અને છેવટે જરૂર પડે તો ટોકીને, ઠપકો આપીને અથવા પ્રાયશ્ચિત્ત કરાવીને પણ એકાંતિક ધર્મના રાહ પર ફરીથી ચડાવી દેવાનો આગ્રહ રાખે છે. અનંતગુણોના ધારક હોવા છતાં અને પરમેશ્વરની કૃપાથી પરમેશ્વરતુલ્ય ઐશ્વર્યના ધારક હોવા છતાં મુક્તાનંદ સ્વામી કહે છે તેમ, 'ગુણ કો માન ન આવે.' એવા નિર્માની એ સંત હોય છે અને શિક્ષાપત્રી શ્લોક-૨૦૧માં કહ્યા પ્રમાણે કોઈ કુમતિવાળા દુષ્ટજન તેમને ગાળ દે અથવા મારે, છતાં સહન કરે અને ઊલટાનું તેનું જેમ હિત થાય તેવું જ મનમાં ચિંતવન કરે. એવા 'સકળજન-હિતચિંતક' એ સંત હોય છે.

**('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**૧. ઘરસભા એ જ ઘરશોભા.**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**

| | | |
|---|---|---|
| ૧. | ઘરસભા એટલે શું ? ઘરસભાની વ્યાખ્યા શું છે ? | ૫૮ |
| ૨. | ઘરસભા કેવી રીતે કરશો ? | ૫૯ |

૩. ઘરસભાથી શા લાભ થાય છે ? ૫૯
૪. ઘરસભા માટે પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ? ૬૦
૫. ઘરસભા એટલે ......... સૂત્રો ૬૧

**૨. નિત્યપૂજાનું સ્વરૂપ સમજાવો. (૧૬-૧૭)**

ગીતામાં કહ્યું છે, 'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ । સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્‌ભક્તિં લભતે પરામ્ ॥' અર્થાત્ બ્રહ્મરૂપ થાય છે તે મારી ભક્તિનો અધિકારી થાય છે. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે : નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્ । વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥ ૧૧૬॥ પોતાના આત્માને બ્રહ્મ કહેતાં અક્ષર સાથે એકતા કરી, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી. ઉપાસનામાં ઉપાસ્ય સ્વરૂપની શુદ્ધિ તથા ઉપાસકની શુદ્ધિ બન્ને મહત્ત્વનાં પાસાં છે. ઉપાસ્ય સ્વરૂપને સર્વોપરી, સર્વાવતારી, સર્વકર્તા, પ્રગટ દિવ્ય સાકાર સમજવું - એ તેનો મહિમા છે, તેની શુદ્ધિ છે. ઉપાસક પોતે દેહભાવે વર્તે ત્યાં સુધી ભક્તિ શુદ્ધ નથી, ભક્તિનો આનંદ આવતો નથી. શ્રીજીમહારાજ કથિત નિત્યપૂજા વ્યક્તિ કે ઉપાસકને માટે શુદ્ધ થવાની, ભક્તિના પાત્ર થવાની તથા ઉપાસ્ય સ્વરૂપને પામવાની સોપાન શ્રેણી છે. નિત્યપૂજાની પદ્ધતિમાં આસન પ્રાણાયામ - એ યોગદર્શનની પ્રક્રિયા છે. જેમાં કદાચ ઇન્દ્રિયોનો સંયમ-નિગ્રહ પણ નિર્દિષ્ટ છે. ધ્યાનમાં સંકલ્પોના ત્યાગ દ્વારા દેહના વિચારો, દેહભાવનો ત્યાગ કરી આત્મવિચાર કરી આત્મજ્ઞાન-અક્ષરભાવ પામી માનસી પૂજા દ્વારા પરમાત્માની પૂજા-ભક્તિ કરીએ છીએ. મંત્રજાપ-પ્રદક્ષિણા દ્વારા ધ્યેયની દૃઢતા કરીએ છીએ. તપની માળા દ્વારા વૈરાગ્યની ખુમારી જગાવીએ છીએ અને શિક્ષાપત્રી વાંચન દ્વારા ધર્મનું પાલન કરીએ છીએ. અંતમાં પ્રાર્થના દ્વારા પુનઃધ્યેયની દૃઢતા તથા ભગવાનનું સામીપ્ય તથા ભક્તિ ઇચ્છીએ છીએ અને ભૂલોની ક્ષમાપના પણ વાંચીએ છીએ. આમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ - ચારેયના સમન્વયરૂપ એકાંતિક ધર્મયુક્ત વ્યક્તિગત નિત્યપૂજા છે.

**(વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/પાના નંબર દર્શાવે છે. (૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**૧. વડોદરામાં શ્રીહરિનો દિગ્વિજય**

૧. રાજ્યસભામાં દીવાનની ગેરહાજરી - મલિનદેવોના ચાર ઉપાસકો સાથે મંત્રણા - હાજર થયા - શ્રીમંત સરકારનો હુકમ - મહારાજનો ઉપદેશ - દીવાન અવાક. ૫/૧૪૬-૧૪૭
૨. સ્વામિનારાયણને જીવતા પકડવા મુશ્કેલ. ૫/૧૪૮
૩. માંત્રિકોના મલિન પ્રયોગો અમને કંઈ કરી શકશે નહિ. ૫/૧૪૯
૪. મહારાજને મારવા ત્રણ હબસી મોકલે છે. - પકડાયા - શ્રીમંત સરકારની દીવાનને બરતરફ કરવાની તૈયારી - મહારાજની ના. ૫/૧૫૦
૫. ફરી રાજ્ય કચેરીમાં - અમારું અહિત કરવાના સંકલ્પોમાં પણ અમારા સ્વરૂપનું તેમણે ધ્યાન કર્યું છે. ૫/૧૫૪-૧૫૫
૬. જે બ્રહ્મબીજ નથી તે લાખ અશ્વમેઘ યજ્ઞો કરે તો પણ બ્રાહ્મણ બની શક્યો નથી-મહારાજનો દીવાનને ઉપદેશ. ૫/૧૫૫
૭. મહારાજ દીવાનને પોશ ભરીને સાકર આપે છે. ૫/૧૫૬
૮. મહારાજને પકડવા દીવાન છેલ્લો પાસો ફેંકે છે. ૫/૧૬૨
૯. હાથી ઝૂકે કે તરત માણકી તૈયાર રાખજો. ૫/૧૬૪-૧૬૫
૧૦. મહારાજ માણકી ઉપર બેસી વીજળી વેગે રવાના થઈ ગયા. ૫/૧૬૫

**૨. શ્રીહરિ અને પરમહંસોનો પરસ્પર સ્નેહસંબંધ.**

૧. અમે તો આપના દાસ છીએ, સેવક છીએ. અમને આ પૂજા, માન, પ્રતિષ્ઠા ન જોઈએ. સદ્‌ગુરુઓની સ્થાપના સમયે મુક્તમુનિ. ૪/૮૫-૮૬

૨. આદરજમાં ચાર અને જેતલપુરમાં આઠ નીમાયેલા સદ્‌ગુરુઓની આજ્ઞામાં રહેવાનું સૌ સંતોએ સ્વીકાર્યું. ૪/૮૬,૧૦૪
૩. મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો. હીરાદાસ સ્વામીના શરીરનો એકપણ ભાગ એવો ન હતો જ્યાંથી માંસના લોચા બહાર નીકળ્યા ન હોય. ૪/૧૬૦-૧૬૧
૪. પરમહંસોને વૈષ્ણવી રીત રાખવાની આજ્ઞા. ૪/૧૮૮
૫. હરિભક્તોની પાસેથી આવરદા લઈને બ્રહ્માનંદ સ્વામીને રાખ્યા. ૪/૧૯૧
૬. રામદાસ સ્વામીને છેલ્લા દર્શન આપવા માટે વહેલી સવારે આવ્યા - આ શ્રીહરિ સર્વોપરી છે. તેમનાથી કોઈ પર નથી. ૪/૧૯૯થી૨૦૨
૭. મહારાજની બિમારી - નિત્યાનંદ સ્વામીની સાજા થવા વિનંતી - સંતોએ પણ શ્રીજીમહારાજની બિમારીમાં અન્નનો ત્યાગ. ૪/૨૦૩થી૨૦૮
૮. મુક્તાનંદ સ્વામીને સંતો શુદ્ધ વર્તે તે માટે વેદરસનો ગ્રંથ રચવાની આજ્ઞા. ૪/૨૧૧
૯. આનંદ સ્વામીને અમદાવાદમાં મંદિર કરવાની આજ્ઞા. ૪/૨૧૭
૧૦. પ્રેમાનંદ સ્વામીને ‘વર્તમાન વિવેક’ નો ગ્રંથ રચવાની આજ્ઞા. ૪/૨૧૯
૧૧. મુકતાનંદ સ્વામી સાથે બ્રહ્માનંદ સ્વામીના અબોલા - મહારાજનો ઠપકો. ૪/૨૨૧થી૨૨૩
૧૨. વડોદરાથી આવેલ ગોપાળાનંદ સ્વામીને લેવા મહારાજ સામે ગયા અને ભેટ્યા. ૪/૨૩૦-૨૩૩
૧૩. કથા કરનારા સંતોને પ્રોત્સાહન - સંસ્કૃત શબ્દોનું ઉચ્ચારણ મહારાજ શીખવતા. ૪/૨૪૮
૧૪. બાપુ! આ સંતોને અમે ખૂબ તાવ્યા છે - મહારાજે પોતે પાળીને સંતો પાસે પળાવ્યું. (લોયામાં સુરાખાચરને) ૪/૨૫૧
૧૫. સંતો તો આપણું ઘર કહેવાય. ૪/૨૫૨
૧૬. ભગવાનને પણ ભક્તોનો મોક્ષ કરવાનો ખપ છે તેથી પ્રગટ થાય છે - હવે બ્રહ્મપુત્ર - બ્રહ્માનંદ સ્વામી. ૪/૨૫૪-૨૫૫
૧૭. જુઓ, અમારા તિલક. ૪/૨૭૯
૧૮. આપનો વિષમજવર અમારાં કાળજાં ભાંગી નાખે છે. મુક્તાનંદ સ્વામી પંચાળામાં. ૪/૨૮૪
૧૯. પંચાળામાં મુક્તાનંદ સ્વામીએ કરેલી વિનંતી મહારાજ સ્વીકારે છે. ૪/૨૮૫-૨૮૬
૨૦. કૃપાનંદ સ્વામી અને પૂર્ણાનંદ સ્વામીને ઘી પીરસ્યું - સંતોના વિશિષ્ટ ગુણો. ૪/૩૩૫,૩૪૦થી૩૪૫
૨૧. પંચાળામાં સંતો સાથે મહારાસ. ૪/૩૭૧થી૩૭૫, ૩૮૦-૩૮૧
૨૨. જેવા આવ્યા છો તેવા ને તેવા જ પાછા જાવ - મુક્તાનંદ સ્વામીને - બાળસ્નેહી રે ...... મુક્તાનંદ સ્વામી પર સ્નેહ.૪/૩૯૬થી૩૯૮
૨૩. લ્યો અમારા જડભરત ! આ ધાબળો ! ૪/૪૦૮-૪૦૯
૨૪. વંદુ સહજાનંદ રસરૂપ..... કિર્તનની પ્રેમાનંદ સ્વામી એ કરેલી રચના. ૪/૪૩૬-૪૩૭
૨૫. સાહેબ સરીખા શેઠીયા, બસે નગ્રકે માંહી - બ્રહ્માનંદ સ્વામી. ૪/૪૩૯
૨૬. આપની કૃપાથી આ કામ ચાલતું રહ્યું છે. જ્યાં સુધી આપની દયાથી કામ ચાલે છે ત્યાં સુધી બીજો આધાર રાખવો નથી - બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિરના બાંધકામ સમયે - આ ગારો નથી ચંદન છે. ૪/૪૪૯-૪૫૨
૨૭. જંબુસરમાં ભાગવતની કથા કરવા ગયેલા વિજ્ઞાનાનંદ સ્વામી - આપના દિવ્ય ચરણારવિંદ છાતીમાં આપો.૪/૪૬૫-૪૬૬
૨૮. સંપ્રદાયની પુષ્ટિ સાહિત્યથી થાય - બ્રહ્માનંદ સ્વામીને વરતાલ મંદિરના બંધનમાંથી છોડાવ્યા. ૫/૧૯
૨૯. મારા પગમાં ઊંડણ પાવડી જેટલી ઝડપ આવી ગઈ - મુનિ બાવા - અમને તો સંત વગર નિંદ્રા જ આવતી નથી. ૫/૨૩-૨૪
૩૦. તમે જ્યારે કીર્તન ગાશો ત્યારે હું તમારી સમક્ષ પ્રગટ થઈશ. - મહારાજ બ્રહ્માનંદ સ્વામીને. ૫/૯૩
૩૧. તમ જેવા સંતની સર્વ ક્રિયા કલ્યાણરૂપ છે. - મહારાજની અમીભરી દૃષ્ટિ સંતો પ્રત્યે. ૫/૧૭૯-૧૮૦
૩૨. ‘સ્વામી તો અમારી મરજીના જાણનારા છે.’ - જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી પાસે કરાવ્યું. ૫/૧૮૫
૩૩. નિત્યાનંદ સ્વામીને દેશવટો - પાછા બોલાવ્યા - મહારાજ ખૂબ પ્રેમથી બાથમાં લઈને મળ્યા. ૫/૨૮૩-૨૮૪
૩૪. બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢથી તેડાવ્યા - મહારાજ તેમની મા બન્યા. ૫/૪૦૪-૪૦૫
૩૫. પોતની બિમારીમાં પણ સંતોને શેરે શેર ઘીના સાકરના ચૂરમાના લાડુ બનાવડાવીને જમાડવાની આજ્ઞા. ૫/૪૦૯
૩૬. બ્રહ્માનંદ સ્વામીને પોતાની પ્રસાદીનો થાળ જમાડ્યો. ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો. ૫/૪૧૩-૪૧૫

૩૭. ગુણાતીતાનંદ સ્વામીને તરત જ તેડાવ્યા. ૫/૪૨૨-૪૨૬

૩૮. એ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે. જ્યાં તે છે ત્યાં હું છું - કઈ રીતે જુદા થઈ શકે ? ૫/૪૨૬

**૩. જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા અને સર્વસ્વ સમર્પણ**

૧. જૂનાગઢ મંદિરનું ખાતમૂહર્ત થાય છે - ઝીણાભાઈ તથા તેમના ભાઈ દાદાભાઈનું સમર્પણ. ૫/૧૮૨ થી ૧૮૩

૨. ગોપાળ સ્વામી તો અમારી મરજીના જાણનારા છે. - શ્રીજીમહારાજ ૫/૧૮૫

૩. બ્રહ્માનંદ સ્વામી રંગીલદાસની વાત ગોપાળાનંદ સ્વામીને કરે છે. - મૂર્તિ પ્રતિષ્ઠાનું નક્કી કરે છે. ૫/૨૪૫ થી ૨૪૮

૪. બ્રહ્માનંદ સ્વામી ઘોડાને નિષ્કામી કરે છે. - દીવાનના મનસૂબા ભાંગીને ભુક્કા થઈ ગયા. ૫/૨૫૦-૨૫૧

૫. મહારાજ લંગડા મીરને બોલાવી પાઘ આપે છે ૫/૨૫૧

૬. અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાપર્ણ કરીએ છીએ. - શ્રીજીમહારાજ ૫/૨૫૨

૭. મહારાજ સ્વામીનું ગાદી-તકિયાથી સન્માન કરે છે ૫/૨૫૩

૮. મહારાજના મુખારવિંદ ઉપર ભક્તિનો ભાવ પ્રકાશે છે. ૫/૨૫૩

૯. શ્રીહરિ જૂનાગઢના નવાબના મહેલમાં પધારે છે - નવાબને ત્રણ કુંવર થશે. ૫/૨૫૫

૧૦. સૌ સંત-હરિભક્તોએ દર વર્ષે એક માસ અહીં આવી સ્વામીનો સમાગમ કરવો. ૫/૨૫૬

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. સત્સંગમાં કુસંગ**

૧. સત્સંગમાં વિવેકહીન વર્તનથી મહારાજ નારાજ - સત્સંગમાં નિયમનની જરૂર : નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદના વિવેકહીન વર્તન. ૪/૮૪

૨. જીવાખાચરની ગરાસ ઝૂંટવી લેવાની દાનત - શેરડીનો વાઢ સળગાવ્યો. ૪/૧૯૩-૧૯૫

૩. દાદાને તો અમારાં રખવાળાં છે. ૪/૧૯૭

૪. બ્રહ્માનંદ સ્વામીના મુક્તાનંદ સ્વામી સાથેના અબોલા. ૪/૨૨૨

૫. જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી, તે સત્સંગ બહાર જ છે - લોયા શાકોત્સવ વખતે સુરાખાચર સાથેનો સંવાદ. ૪/૨૫૧

૬. જીવાખાચર, દાદાખાચર વિરુદ્ધ ફરિયાદ કરવા ભાવનગર જાય છે. ૪/૨૯૧થી૨૯૩

૭. સત્સંગમાં ગુપ્તપણે કુસંગ રહ્યો છે - મહારાજે પંચાળામાં આપેલ ઉપદેશ. ૪/૩૬૭-૩૬૮

૮. કમળશી ભક્તના કપાળે ચોપડવા અદીબાએ તીખાં ન આપ્યાં. ૪/૩૮૦

૯. અહીં મારે કોઈની જરૂર નથી - ગોપી ભટ્ટ આનંદાનંદ બ્રહ્મચારીને. ૪/૩૮૯

૧૦. ગોપી ભટ્ટનું શું કરવું છે - સત્સંગમાં કુસંગ દેખાય તેવું ન કરવું -ગોપાળાનંદ સ્વામી. ૪/૩૮૯-૩૯૦

૧૧. આપણે જ ભગવાન કહી તેમને મોટા કરી દીધા. ૪/૪૫૭

૧૨. વસ્તાનું અંતર ડહોળાવા લાગ્યું. ૪/૪૫૮

૧૩. ભગા દોશી તો દેહ મેલી ગયા - અમારી સાથે પણ આવી છેતરામણ ? - આડસર કોરે રહી નથી ગયું. ૪/૪૬૭-૪૬૯

૧૪. દાદાખાચર તેમના દરબારમાં કોઠો કરાવે છે - જીવાખાચરે ભાવનગર નરેશને વાત પહોંચાડી. ૫/૨૬૯

૧૫. અમે બેઠા છીએ ત્યાં જ અમારી આજ્ઞાનો લોપ કરો છો ? - વિરક્તાનંદ સ્વામીને મહારાજ. ૫/૪૧૧

**૨. શ્રીહરિની માળાના મણકા - દેવજી ભગત.**

૧. ઘી ના ગાડવા સાથે દેવજી ભક્તના ઘરવાળાં ગઢડામાં. ૪/૧૭૯

૨. ભગત આપની દયાથી સુખિયા હતા ને વધુ સુખિયા થયા. ૪/૧૭૯

૩. દીકરો ધામમાં ગયો. ૪/૧૭૯

૪. ‘દેવજી ભક્ત ખરેખરા મુક્ત’ - નિષ્કુળાનંદ સ્વામી. ૪/૧૮૧

૫. ખેતરે જઈ ત્રણસો માળા ફેરવી નીંદર દૂર ઊભી હશે. તેને કહીશ આવ ત્યારે આવશે. ૪/૧૮૧

૬. અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ. દેવજી ભક્ત અમારી માળાના મણકામાં આવી ગયા. ૪/૧૮૧

**૩. રાજકોટમાં ગવર્નર સાથે મુલાકાત.**

૧. મુંબઈના ગર્વનર મહારાજને રાજકોટ પધારવા આમંત્રણ મોકલે છે. ૫/૩૬૮

૨. મહારાજ રાજકોટ જવા નીકળે છે. ૫/૩૭૧

૩. મોટા સાહેબને મળવાની ખૂબ તાણ છે. ૫/૩૭૪
૪. સ્વામિનારાયણની હકૂમત ઠેઠ અંગ્રેજ રાજ્ય સુધી પહોંચી ગઈ છે. ૫/૩૮૧
૫. આપને એકાંતમાં મળવામાં જ આનંદ આવે. ૫/૩૮૫
૬. આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે. ૫/૩૮૬
૭. અચ્છા ફકીર સ્વામિનારાયણ છે. ૫/૩૮૭

**૪. ગઢડામાં શ્રીજીમહારાજ અને સ્વામીનું અંતિમ મિલન.**

૧. બ્રહ્માનંદ સ્વામીને મહારાજ જૂનાગઢ જવાની આજ્ઞા કરે છે. ૫/૪૧૨ થી ૪૧૩
૨. આ છેલ્લાં દર્શન છે. છેલ્લી પ્રસાદી છે - ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો. ૫/૪૧૩ થી ૪૧૫
૩. આખું જગત સ્વામિનારાયણનું ભજન કરશે - સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે. ૫/૪૨૦ થી ૪૨૪
૪. અમે તમારાથી ક્યાં જુદા છીએ - એ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે. ૫/૪૨૪ થી ૪૨૮
૫. વસમી વિદાયની આકરી પળ. ૫/૪૩૦ થી ૪૩૧
૬. તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે - મહારાજ સ્વધામ પધારી જાય છે. ૫/૪૩૧ થી ૪૩૩
૭. હું તો તમારામાં અખંડ રહ્યો છું. ૫/૪૩૬ થી ૪૩૭

**(વિભાગ : ૩ - નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **સમર્પણની ગંગોત્રી - બી.એ.પી.એસ.નાં મંદિરો : (૧)** શ્રીજીમહારાજના મતે ‘મંદિરોની આવશ્યકતા’ - ઉપાસના માટે મંદિરોનું નિર્માણ - પોતાની હયાતીમાં જ ૬ મંદિરોનું નિર્માણ. **(૨)** શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. ની સ્થાપના કરીને ૫ મંદિરોનું નિર્માણ કર્યું. - યોગીજી મહારાજે અને પ્રમુખસ્વામી મહારાજે આ કાર્યને આગળ ધપાવ્યું - સ્વામીશ્રીએ તો મંદિરોનું નિર્માણ કરીને વિશ્વવિક્રમ સ્થાપી દીધો. **(૩)** આ મંદિરો ફક્ત ઈંટ, સિમેન્ટ, લોખંડના જ નહિ પણ સમર્પણ, સેવા, ત્યાગ, બલિદાનની ગંગોત્રી (પ્રસંગો) જેમ ગંગોત્રી (ગંગા નદીના મૂળમાંથી) માંથી પાણી બારેમાસ નિરંતર વહ્યા જ કરે તેમ બી.એ.પી.એસ.નાં મંદિરોમાંથી સમર્પણ રૂપી ગંગા નિરંતર વહ્યા જ કરે. (પ્રસંગો) **(૪)** મંદિરોના નિર્માણમાં સંતોનું સમર્પણ - કુટુંબનો ત્યાગ - મનધાર્યુ મૂકીને સ્વામીશ્રીની સેનામાં, સેવામાં જોડાઈ ગયા. તનતોડ મહેનત (પ્રસંગો) - ભગવાન અને સંતને રાજી કરવા માટે સર્વસ્વ સમર્પણ. **(૫)** હરિભક્તોએ પણ મંદિર નિર્માણ માટે ધન, ધામ, કુટુંબ પરિવાર અર્પણ (પ્રસંગો) તન-મન-ધનથી સમર્પિત - લંડનનું મંદિર સમર્પણના મુગટ સમાન. તેથી જ સ્વામીશ્રીએ કેફથી કહેલું કે ‘લંડનના હરિભક્તો વેચાઈને પણ મંદિર પૂરું કરશે.’ (પ્રસંગો) આ સમર્પણની ગાથાના વિરલ પ્રસંગો. **(૬)** આ સમર્પણની ગાથામાં ગુરુપરંપરા તેમજ વર્તમાનકાળે સ્વામીનું સમર્પણ અજોડ - દેહના ભીડાને લેશમાત્ર ગણકાર્યા વગર નાદુરસ્ત તબિયતમાં પણ સ્વામીશ્રીએ મંદિર નિર્માણનું કાર્ય ગૌણ કર્યું નથી. મંદિર નિર્માણ માટે નાણાંની વ્યવસ્થાથી લઈને છેક મૂર્તિપ્રતિષ્ઠા સુધી સ્વામીશ્રીનું વિચરણ - આ કાર્ય વર્તમાનકાળે પણ વણથંભ્યુ ચાલુ જ છે. સ્વામીશ્રીએ ગુરુ શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની સમર્પણ ગાથાને નજર સમક્ષ રાખીને મંદિર નિર્માણ ચાલુ જ રાખ્યું છે. (પ્રસંગો) - ઉપસંહાર.

૨. **ભગવદ્ગુણોના વિરલ ધારક - પ્રમુખસ્વામી મહારાજ : (૧)** શ્રીજીમહારાજે વચનામૃતમાં પરમાત્માનાં ૩૯ લક્ષણો કહ્યાં છે તે ૩૯ લક્ષણો પ્રમુખસ્વામી મહારાજમાં સાંગોપાંગ, સ્વતઃસિદ્ધ જણાય છે. માટે સ્વામીશ્રી ભગવદ્ગુણોના વિરલ ધારક સંત. **(૨)** આ ગુણો સ્વામીશ્રીના જીવનમાં આપોઆપ ઉદ્ભવતા દેખાય છે. જેમ સૂર્યને પોતાનો પરિચય આપવાની આવશ્યકતા નથી તેમ સ્વામીશ્રી આ ગુણોના વિરલ ધારક છે તેવો પરિચય આપવાની આવશ્યકતા નથી. આવા ભગવદ્ગુણોના ધારક સંત પર પરમાત્મા આપોઆપ સદાય રીઝે છે. **(૩)** આ ગુણો એટલે સત્ય, શૌચમ, દયા, શાંતિ, ત્યાગ, સંતોષ, તિતિક્ષા, વિરક્તિ, જ્ઞાન, તપ, ઐશ્વર્ય, શૌર્ય, કૌશલ, ધૈર્ય, માર્દવ, કીર્તિમાન, અહંશૂન્ય આ બધા ગુણો સ્વામીશ્રીમાં સહેજે દષ્ટિગોચર થાય છે. (પ્રસંગો) **(૪)** આટલી વિરાટ સંસ્થાના સૂત્રધાર છતાં સરળ, નિર્માની, ધીરજનો ગુણ તો એવો કે એમના ધૈર્ય પર સહુ ઓવારી જાય (પ્રસંગો) સરળ તો કેવા ? બાળક સાથે બાળક જેવા નિર્દોષ - ઉદારતા - સાગર જેવું વિશાળ હૃદય - હિમાલય જેટલી ઊંચાઈ ધરાવતું હૃદય - હરિભક્તોની ભૂલો ભૂલી જવામાં ઉદાર - દાન આપવામાં ઉદાર - પ્રસંગો. **(૫)** ક્ષમાનો ગુણ તો એવો કે કદાચ ભગવાન કે ગુણાતીત સંત

સિવાય આ ગુણ બીજે જોવા જ ન મળે - ઉદારતાથી ક્ષમા આપીને એ આપેલ ક્ષમાને ભૂલી જવી તે ક્ષમાના ગુણમાં મુગટ સમાન - સાથે સાથે પંચવર્તમાનમાં પણ અજોડ. (૬) કેટકેટલા ગુણો - લખવા બેસીએ તો ગ્રંથો ભરાઈ જાય - અપરંપાર ગુણોના મહોદધિ સ્વામીશ્રી - વિરલ ધારક - આપણા ગુરુ - આપણે ખૂબ ભાગ્યશાળી કે આપણને આવા ગુરુની પ્રાપ્તિ - તેમના ગુણોને યાદ કરીને આપણે તેમને અનુસરીએ અને રાજીપો પ્રાપ્ત કરી શકાય. - ઉપસંહાર.

૩. **શ્રીહરિના મતે ગુરુ મહિમા અને ગુરુ લક્ષણ : (૧)** શ્રીજીમહારાજના ઉપદેશોમાં અપરંપાર ગુરુમહિમા **(૨)** ગુરુલક્ષણ : પાણી ગાળીને પીવું તેમ ગુરુ પણ સમજી તપાસીને કરવા - કારણ ગુરુ પોતાની રુચિ અનુસાર શિષ્યને વર્તાવે - પણ મોક્ષદાતા ગુરુની રીત જુદી - ભગવાનના સાચા સંતના મુખે શાસ્ત્રો સાંભળવા - ધન સ્ત્રીમાં લપેટાયેલ ગુરુ ભવપાર કરાવી શકતા નથી. **(૩)** સુવર્ણની કસોટી જેમ અગ્નિ - તેમ ગુરુની કસોટી વર્તન - સાત સમેલિયા ગુરુની આવશ્યકતા - સમર્થ ગુરુ ત્યાગી શિષ્યોને એક રહેણીમાં વર્તાવી શકે - ગમે તેવા જીવોને શુદ્ધ કરે તેવા કુશળ શિલ્પી - આ ગુરુના લક્ષણ. **(૪)** ધર્મની વૃદ્ધિ, અધર્મનું ખંડન, ધર્મ-નિયમ મુજબ વર્તાવે - માન - અપમાનમાં સ્થિરતા એ ગુરુનું અગત્યનું લક્ષણ - બ્રહ્મચર્ય પાલન કરે, બીજા પાસે કરાવે - ભગવાન જેટલી સામર્થી છતાં ભગવાનના દાસ - પંચવર્તમાને યુક્ત - કોઈપણ પ્રકારના ફેલફતુર નહિ - રાત-દિવસ ભગવાન સંબંધી જ ક્રિયા કરે - કથા-કીર્તન, ભગવાનના સ્વરૂપમાં નિમગ્ન - ચઢતો ને ચઢતો રંગ - ભગવાન સિવાય બીજું કાંઈ અંતરમાં નહિ. **(૫)** ગુરુમહિમા : બ્રહ્મવિદ્ ગુરુ વિના પરબ્રહ્મની પ્રાપ્તિ અશક્ય - અમાયિક ગુરુ જ બ્રહ્મવિદ્યા શીખવાડી શકે - ભગવાન વિના બધું અસત્ય - ચૌદ લોકના પંચવિષય અસાર - અનેક પ્રકારની ક્રિયાઓ પ્રર્વતાવનાર ગુરુ જુદા જુદા પણ મોક્ષના દાતા તો નિર્માની છે અને તેમનો દઢ આશરો કરવાથી ભવસિંધુ તરી જવાય છે. - આમ, સ્વામીશ્રી ભક્તોના યોગ અને ક્ષેમના નિષ્ણાત વાહક - ઉપસંહાર. **(નોંધ : દરેક મુદ્દામાં પ્રસંગો આવરી લેવાય તે પ્રસંગો લખેલ હોય તે જરૂરી.)**

❑ ❑ ❑